**<u>મોડાસાના નામદાર ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ મોડાસા. જી.અરવલ્લી.</u>**

ક્રિમિનલ કેસ નંબર:૧૩૮૦/૨૦૨૬

આંક:

**<u>ફરિયાદી:</u>** શ્રી સરકાર

વિરુધ્ધ

**<u>આરોપી:</u>** સાબીરહુસેન મુસાભાઇ સુથાર,
રહે.૮/આશીયાના સોસાયટી, ડુગરવાડા રોડ મોડાસા,
તા. મોડાસા જી.અરવલ્લી.

**<u>ગુનો:</u>** બી.એન.એસ.,૨૦૨૩ની કલમ-૨૮૮,૨૮૭, ૧૨૫ મુજબ...

**<u>::ઠરાવ::</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે , આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે ખાલી તથા ભરેલા ગેસની બોટલો નંગ-૨ તથા એલ.ઈ.આઈ. કંપની સીલ વાળી ગેસ ટ્રાન્સફર કરવા માટેની ઇલેકટ્રીક મોટર રિફલીંગ રાખી, સળગી ઉઠે તેવા પદાર્થ ગેસ ટ્રાન્સફર કરી કોઇપણ પ્રકારની ફાયર સેફટી નહી રાખી, બેદરકારી દાખવી પોતાની તથા અન્ય માણસોની જીંદગી જોખમમાં મુકાય તેવુ કૃત્ય કરી બી.એન.એસ.,૨૦૨૩ની કલમ-૨૮૮,૨૮૭, ૧૨૫ ગુનો આચરેલ છે.

(૨) આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામા આવેલ છે. આરોપીએ પોતે ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજૂ કરેલી, જે સંદર્ભે આરોપી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ હોવાનુ જાહેર કરી પુરસીસ રજૂ કરેલી, જે સંદર્ભે આરોપી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ હોવાનું જણાવે છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહી માનવાને કોઇ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઇ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો,

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *

ગુન્હાની હકિકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.,૨૦૨૩ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.,૨૦૨૩ની કલમ ૨૮૮, ૨૮૭, ૧૨૫ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને બી.એન.એસ.,૨૦૨૩ની કલમ ૨૮૮ અન્વયે **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા),** બી.એન.એસ.,૨૦૨૩ની કલમ ૨૮૭ અન્વયે **રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા) અને** બી.એન.એસ.,૨૦૨૩ની કલમ ૧૨૫ અન્વયે **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) એટલે કે ટોટલ રૂા. ૧૧૦૦/– (અંકે રૂપિયા અગીયારસો પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન–૦૩(ત્રણ)**ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં સદર કામે કબજે કરવામાં આવેલ છે મુદ્દામાલ પાવતી નં. ૪૩માનો બધો જ મુદ્દામાલ તે અપીલ સમય વિત્યા બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:**૧૧**મી, માહે:**જુલાઈ**, સને:**૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ)<br>
ચીફ જયુડી.મેજી.મોડાસા.<br>
કોડ નં. જી.જે.૦૧૧૩૪

તા.૧૧/૦૭/૨૦૨૬<br>
મોડાસા.<br>
સ્પે. સીટીંગ<br>
એસ.જે.રાઠોડ પી.એ.

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *